





ફસાયા માછલીની જાળમાં, સોલંકી સલવાય છે,
ને નીતિ વિનાના પટેલ નહેરમાં છલકાય છે,
મલકાય છે સ્વભાવ 'આનંદી' ખાયકી મહેસૂલે -
ભાજપ ની કીર્તિ 'જમીન'-દોસ્ત થઇ પટકાય છે
(મોદીની મહેનત માથે પડી..)




ભરાયા ઘડા,
ખાયકી મંડળ ના -
ફૂટશે પાપે..

દંભ નો કૂર્તો,
ને સદ્ભાવની ટોપી,
જૂતા જાપાની!

## ચિંતન

**માતૃવત્પરદારાણિ પરદ્રવ્યાણિ લોષ્ટવત્ ।**
**આત્મવત્સર્વ ભૂતાનિ યઃ પશ્યતિ સ પશ્યતિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્યનીતિ' નો આ શ્લોક છે :-

મૂલ્યલક્ષી દૃષ્ટિની સમજ આપવમાં આવી છે :- 'પારકાની સ્ત્રીને માતાની જેમ, પારકાના દ્રવ્યને માટીનાં ઢેફાંની જેમ અને સર્વ પ્રાણીઓને પોતાના આત્માની જેમ જે માણસ જુએ છે એને જ સાચી દૃષ્ટિ મળી છે એમ કહી શકાય.'

માનવીની આજના યુગમાં આચાર સંહિતાનો નાશ થયો છે, મૂલ્યો રહ્યાં નથી, બીજાનાં ભાણાં પર ભૂખી નજર નાખી બેઠેલો માણસ (કે સ્ત્રી)ને જીવન જીવવાની અને જીવન જોવાની સાચી દૃષ્ટિ જ નથી મળી એમ કહી શકાય.

વળી આજ-કાલ પુરૂષાર્થ વિના પારકાના પૈસા કેમ પડાવી લેવા, એકનાં બમણાં કરી આપવા. ચેન-અછોડા તોડવા અને ધંધામાં છેતરપીંડી દ્વારા લૂંટ-ફાટ-ખંડણી-ખાયકી કરવામાં જ સૌને રસ છે. પારકાનો પૈસા ધૂળના ઢેફાં સમાન ગણી તેના તરફ નજર ન કરવી કે તૂચ્છ સમજીને જોવું એ જ સાચી દૃષ્ટિ છે.

'સીયારામ મય સબ જગ જાની' એ દૃષ્ટિએ પ્રાણીમાત્ર તરફ 'પોતાના આત્મા' સમાન સમજી દયા-ભાવ, સેવા-ભાવ રાખવાં એ જ પરમ દૃષ્ટિ છે.

## સુવિચાર

- પોતાના સંતાનમાં પરિશ્રમ અને જાતમહેનતની ટેવ પાડવી એ જ સાચો વારસો છે - **વ્હેટલી**
- માત્ર આયોજન અને વિચારણા જ નહીં સફળતા માટે સખત પરિશ્રમ પણ અનિવાર્ય છે - **ફ્રેંકલીન**
- પરિશ્રમ એ પરમાત્માની પ્રાર્થનાનું જ એક સ્વરૂપ છે - **સંત બેનેડિક્ટ**
- મન અને શરીરને નિરોગી રાખવાં હોય તો પરિશ્રમ કરો - **સાઇમન્સ**
- શ્રધ્ધા અને વિશ્વાસથી જો સિંચન કરવામાં આવે તો પરિશ્રમ રૂપી વૃક્ષ સારાં-મીઠાં ફળ આપે છે - **સુદર્શનજી**
- શ્રમ-પરિશ્રમ-મહેનત-પુરૂષાર્થ વિના કંઇ જ મળતું નથી - **સર જ્હોન**
- સંસાર સમુદ્રમાં પરિશ્રમની ડૂબકી માર્યા વિના મોતી ન મળે - **જોન સ્કિન**

## બોધ કથા

આપણું વર્તન-જીવન આપણે બીજાના ડરથી લોકો શું કહેશે, એ બીક-ડર-ભયથી સાવચેતીથી અનિચ્છાએ નિયમોનું પાલન કરી જીવીએ છીએ. ખરેખર તો આપણા અંતરાત્માને અનુસરી જે સાચું લાગતું હોય તેમ જ કરવું આપણું જીવન ખુલ્લી કિતાબ જેવું નિખાલસ હોવું જોઇએ.

પ્લેટો-મહાન ચિંતકનો અંતિમ સમય હતો. શિષ્યો એમની આસપાસ તેમની અંતિમ સંદેશની વાણી સાંભળવા ઉત્સૂક હતા.

પ્લેટો કહે, જૂઓ મેં તમને જીવનભર જે કંઇ ઉપદેશ આપ્યો છે એ બધું ભૂલી જજો પણ આજે, અંતમાં હું જે વાત કહું છું એ જીવનભર યાદ રાખજો.


એક, તમે કોઇનું હિત કર્યું હોય એ યાદ રાખતા નહીં, અને કોઇએ તમારું અહિત કર્યું હોય તો એ ભૂલી જજો.

બીજુ, જે કંઇ થાય છે, થવાનું છે એ માત્ર ઇશ્વરની મરજીથી જ થાય છે એમ સ્વીકારીને જ જીવન સ્વીકારજો.

આ જ છે જગતના મહાન ચિંતકનો જીવનસંદેશ.

પ્લેટોનો જીવન જીવવા માટેનો મંત્ર હતો કે, એવું મૂલ્યનિષ્ઠ-નિખાલસ જીવન જીવો કે તમારા ટીકાકારની વાત કોઇ સાંભળે જ નહીં.

# સરદાર બાગ, સુંદરીકરણ અને ઍક્ટિવિસ્ટોનો એક રમૂજી પત્ર!



## મારી નજરે

**- વિષ્ણુ પંડ્યા**

હમણાં એક રમૂજ પમાડે તેવો પત્ર - કે અપીલ - વાંચવા મળ્યાં! પત્ર મ્યુનિસિપલ કમિશ્નર, અમદાવાદને લખાયો છે. ખરેખર તો, પ્રજાના પ્રતિનિધિ તરીકે ત્યાં મેયર બેઠાં છે; અફસરશાહી તો માત્ર વહીવટ માટે હોય. છતાં, આ પત્ર લખનારા બધા જ ''લોકશાહી-પ્રેમી'' હોવાની સામાન્ય છાપથી વિપરિત તેમણે મેયરને બદલે, કમિશ્નરને પત્ર લખ્યો! આ પત્ર 'નિરીક્ષક' નાં ૧૬ જુલાઈમાં અંકમાં છપાયો છે...

આ આખો પત્ર વર્તમાન જાહેર જીવનમાં અદ્ભૂત - તમામ રંગ - ને છલકાવતો હોઈ, શબ્દશ: તેને રજૂ કરવાની લાલચને રોકી શકતો નથી.

પત્રને શીર્ષક અપાયું છે - ''સરદાર બાગમાં નવીનીકરણના નામે'' અને તેમાં લખાયું છે :

પ્રતિ
મ્યુનિસિપલ કમિશ્નર શ્રી,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

વિષય : સરદારબાગના નવીનીકરણના નામે લોકશાહી અવાજ રજૂ કરવાની જગ્યા છીનવા વિરૂધ્ધ નાગરિકોનું આવેદન.

માનવીય શ્રી,

માધ્યમોના અહેવાલો પરથી અમને જાણવા મળ્યું છે કે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન ૧૫ કરોડ રૂપિયાના ખર્ચે રૂપાલી સિનેમાની સામે આવેલ સરદારબાગના નવિનીકરણની યોજના બનાવી રહ્યું છે. નાગરિકોનો લોકશાહી ઢબે ધરણાં, દેખાવો, સભાઓ થકી અવાજ રજૂ કરવા માટે અપના બજાર સર્કલ ખાતેની જગ્યા ગુમાવ્યા બાદ અમારી પાસે સરદાર બાગ એક માત્ર વિકલ્પ બચ્યો છે. અમને યાદ છે ત્યાં સુધી અમ્યુકોએ અગાઉ સરદારબાગી અંદર સભા માટે એક ડાયાઝ બનાવ્યું હતું. લગભગ છેલ્લા એક દાયકાથી સરદાર ભાગની અંદર તેમજ બહાર ફૂટપાથ પર અનેક નાની મોટી સભાઓ, રેલીઓ, ધરણાં યોજાયા છે. છેલ્લે શ્રી અણ્ણા હજારેએ એક વિશાળ જનસભાને સરદારબાગની ફૂટપાથ પર સંબોધન કર્યું હતું.

હવે સુંદરીકરણના નામે ઘણાં પરિવર્તનો થઈ રહ્યાં છે જેમાં વંચિતો માટે જૂજ જગ્યાઓ બચી છે. સહુથી છેલ્લે રિવરફ્રન્ડ તેનું તાજું ઉદાહરણ છે. હવે અમ્યુકોની આ યોજનાથી ધરણાં, રેલી, દેખાવો, સભાઓ માટેની આ જાહેર જગ્યા છીનવાઈ જશે. ફૂટપાથનો એક ભાગ તો ટેકસી પાર્કિંગ માટે ફાળવા પણ ગયો છે. નવી યોજનાથી લોકોના સંગઠિત થવાના અને પોતાના મંતવ્ય જાહેરમાં વ્યક્ત કરવાનાં અધિકારો છીનવાઈ જશે. વહીવટીતંત્ર સુંદરીકરણના નામે ટ્રાફિક સમસ્યાના બહાના હેઠળ આવી જાહેર જગ્યાઓ છીનવાઈ રહી છે. હવે તો મુક્ત રીતે લોકોના અને નાગરિકોના વિચારો અભિવ્યક્ત કરવા માટે પોલીસ પરવાનગી પણ નથી મળતી. તેની સામે લંડતનો હાઈડ પાર્ક છેલ્લાં દોઢસો વર્ષ કરતા પણ વધારે સમયથી અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની જગ્યા તરીકે જળવાયેલો છે. પરંતુ આપણા શહેરમાં જે રીતે લોકોનાં સંગઠિન થવાની તેમજ મુક્ત અભિવ્યક્તિની જગ્યાઓ ખતમ થઈ રહી છે તેની ગંભીર અસર લોકશાહી માળખા પર પડશે.

તેથી અમે નીચે સહી કરનારા ગુજરાતના નાગરિકો આપને નિવેદન કરીએ છીએ કે સરદાર બાગ અંગે પુર્નવિચાર કરવામાં આવે અને તેને લોકશાહીને મજબૂત કરવા માટે મુક્ત અભિવ્યક્તિ માટે જાહેર કાર્યક્રમોની જગ્યા તરીકે જાળવવામાં આવે. ઉપરાંત અપના બજાર સર્કલ પણ માત્ર પે એન્ડ પાર્ક તરીકે ઉપયોગ થાય છે તો તેનો પણ માત્ર વ્યાપારિક ઉપયોગ બંધ કરી તેમાં પણ જાહેર કાર્યક્રમો યોજવાની છૂટ આપીને લોકશાહીને મજબૂત કરવા અપીલ કરીએ છીએ.

ચુનીલાલ વૈદ્ય (પીઢ ગાંધીવાગી કર્મશીલ), ઈલા પાઠક (અધ્યક્ષ, અવાજ), પ્રકાશ. ન. શાહ (તંત્રી, નિરીક્ષક), પ્રો. રોહિત શુક્લ (પ્રમુખ, ઓલ ઈન્ડિયા સેવ એજ્યુકેશન કમિટી, ગુજરાત), ઈન્દુકુમાર જાની (તંત્રી, નયા માર્ગ), પ્રો. દિનેસ શુક્લ (રાજકીય વિશ્લેષક), દિલીપ ચંદુલાલ (સંયોજક, લોકઆંદોલન ગુજરાત), ગૌતમ ઠાકર (મહામંત્રી, પીયુસીએલ, ગુજરાત) દ્વારિકાનાથ રથ (સેક્રેટરી, સેક્યુલર લોકશાહી આંદોલન), મનીષી જાની (નેતા, નવનિર્માણ આંદોલન), રજની દવે (માનવીય ટેકનોલોજી ફોરમ), અજય ઉમટ (ચીફ રિપોર્ટર, ટાઈમ્સ ઑફ ઈન્ડિયા), રમેશ ર. દવે (સાહિત્યકાર), રાજુ બારોટ (નાટ્ય કલાકાર), ઉર્વીશ ઠાકર (જાણીતા કટારલેખક), સુવર્ણા (વાર્તાકાર), જિતેન્દ્ર મેકવાન (આચાર્ય, મહેમદાવાદ કૉલેજ), પ્રા. સંજય ભાવે (પ્રાધ્યાપક, શ્રી એચ.કે. આટ્ર્સ કૉલેજ), પારૂર દાંડીકર (ભૂમિપુત્ર), સરૂપ ધ્રુવ (કવયિત્રી તથા કર્મશીલ) હિરેન ગાંધી (નાટ્યકાર તથા કર્મશીલ) મહાદેવ વિદ્રોહી (કર્મશીલ), આશિષ કક્કડ (ફિલ્મકાર), શિબા જયોર્જ (સહેરવેરૂ), પી.કે. વાલેરા, માધવ રામાનુજ (કવિ), મણીલાલ પટેલ (કટારલેખક), યશવંત મહેતા, ચંદુ મહેરિયા, વિક્રમ સવાઈ (ગુજરાત સર્વોદય મંડળ(, હનીફ લાકડાવાળા (સંચેતના), લાલુભા ચૌહાન, બુધ્ધિધન ત્રિવેદી, એ.ટી.સિંધી, મહર્ષિ મહેતા, સ્વાતિ મેઢ (વાર્તાકાર), ભૂમિકા તોમર, દામિની શાહ, ટી.પી. બાબરિયા, ગુંજન મોદી, અરવિંદ માડમ, ધૈવત ત્રિવેદી, લલિત ખંભાયતા (કટારલેખક), જિતેન્દ્ર બ્રહ્મભટ્ટ, બકુલ રાષ્ટ્રપાલ, શ્રધ્ધા ત્રિવેદી, હસમુખ પટેલ (અમીરગઢ), નલિની ત્રિવેદી, મનીષ મેકવાન (ધ સન્ડે ઈન્ડિયન), જયેશ પટેલ (સેક્રેટરી, ગુજરાત રાજય સમિતિ, એઆઈડીવાયઓ) જિજ્ઞેશ મેવાણી, ઋતુલ જોશી, સ્નેહ ભાવસાર, વિસ્મય શાહ, ગોવિંદ જોશી, આશિષસિંહ ચૌહાણ, સૂર્યાબહેન શાહ, રમેશ વિરમગામી, એમ.જી. ચૌહાણ,રસિક ર. શાહ, એમ.પી.લેઉવા, હર્ષદ, ગંગારામ વાઘેલા, પરેશ એ. દવે, રણછોડ શાહ, નીકા નીતા મહાદેવ, પ્રફુલ્લા શાહ, સુભાષ દેસાઈ, ભાવિક રાજા (સેક્રેટરી, ગુજરાત રાજય સમિતિ, ઑલ ઈન્ડિયા ડીએસઓ), નાઝીમા પઠાણ, તૃપ્તિ, શંકરભાઈ ઠાકોર, હરબાળા ચંદુલાલ મેઘશ્રી ભાવે, લાલુભા ચૌહાણ, ડૉ. કે.સી. જયદીપ, પ્રાજકતા ભાવે, મયૂરિકા અનિલ, દમયંતી મોદી, અશ્વિન સાંગાણી, મેહુલ ત્રિવેદી, મીનાશ્રી જોશી, હરિત મહેતા, રમાબહેન મધુભાઈ પટેલ, અશોક શ્રીમાળી, રિમ્મી વાઘેલા, નીલા ભાવસાર, પૌરવી જોશી, પંકજ પરમાર, ડી.એસ. ચારણ, પ્રફુલ્લ એમ. મોદી, મોતીભાઈ. મ. પટેલ, વિદ્યા રાઠોડ, ચિમનભાઈ જે. રાઠોડ, ગૌરી શાહ, કિશોર ઠાકર, દિગ્રાજસિંહ, ધિરેન્દ્ર પટેલ, સતીષ શાહ.

આ પત્ર મારા જેવા સામાન્ય નાગરિક વાચકને તો ભારે રમૂજ પમાડે તેવો છે. શું 'લોકશાહી પ્રેમી' આંદોલનકારીઓ એટલા 'જગ્યા - સગવડ - પ્રેમી' થઈ ગયા છે કે તેમને સરદાર બાગના નવીનીકરણથી હાઈ બ્લડ પ્રેશર થઈ ગયું? આ લેખક ૧૯૬૭ થી અત્યાર સુધીનાં જનાંદોલનોનો સાક્ષી છે - આંદોલનોમાં જો તાકાત હોય તો તે સ્વયંભૂ (વહેતી નદીની જેમ) જગ્યા શોધી લે છે... ૧૯૩૦ ની દાંડીકૂચ વખતે સાબરમતી નદીનાં મેદાનમાં જંગી જાહેરસભા થઈ હતી. ઉમાશંકર જોશીનું શિક્ષણમાં પ્રસ્થાપિત હિતો સામેનું આંદોલન યુનિવર્સિટીના પ્રાંગણમાં થયેલું. ૧૯૭૫-૭૬ ના કટોકટીકાળનાં પ્રતિબંધિત વર્ષોમાં યુનિ.ના સેનેટ હૉલમાં જે સંમેલન થયું. તેમાં દુર્ગા ભાગવત અને રામ જેઠમલાણી બોલ્યા હતા. સાબરમતી આશ્રમ અને ગુજરાત વિદ્યાપીઠમાં સરકાર - વિરોધી સંમેલનો થતાં આવ્યાં છે. પૂર્વ વિસ્તારનાં અમદાવાદના મજૂરો અને સામાન્ય લોકને આંદોલન માટે નક્કી સ્થાનની જરૂર પડતી નથી. નહેરૂ બ્રિજનાં નાકે ઈન્દુલાલ યાજ્ઞિકની પ્રતિમા અને કોંગ્રેસ - ભવનના વસંત ચોકમાં યાદગાર સભા - સરઘસો - રેલીઓ થતાં રહ્યાં છે.

તો પછી, એકલાં સરદાર બાગનો જ હઠાગ્રહ શા માટે હશે? પત્રમાં એક શબ્દ 'સુંદરીકરણ' વપરાયો છે. બ્યૂટી ફિકેશન માટે વપરાયેલો આ શબ્દ સામાન્ય નાગરિકની સમજમાં 'સુંદરી' જેવી મહિલાદર્શી સમજ પુરી પાડે તો તેમને એવું લાગે કે અરે વાહ, કોર્પોરેશન પણ મહિલાનાં સૌંદર્યપ્રેમનું કોઈ આયોજન કરી રહ્યું છે કે શું? તોડફોડ જોતાં તો એવું લાગતું નથી! સરદાર બાગમાં આ પત્રમાં લખાયા પ્રમાણે, ''અનેક નાની મોટી સભાઓ, રેલીઓ, ધરણાં યોજાયા છે.'' વાત સાચી છે. હવે એક બીજી વાત ઉમેરૂં કે એલિસબ્રિજ પાસેનો બાગ અને સરદારબાગ મોટે ભાગે અ-સામાજિક તત્ત્વાનું યે વિશ્રામ સ્થાન છે! તેમણે પોતાના એ અધિકાર - દારૂ, જુગાર, છેડતી માટેની આ 'ઉત્તમ જગ્યા' માટે કમિશ્નરને પત્ર લખવો જોઈએ કે નહીં? કે પછી આ પત્રમાં જ એક પેરેગ્રાફ ઉમેરી દેવાની જરૂર હતી!

આપણા પીઢ પત્રકાર વાસુદેવ મહેતાની સાથે મારે, ૧૯૭૭ પછીના કેટલાંક વર્ષો, જનસત્તા, મીરઝાપુરથી લાલ દરવાજા બસ સ્ટેન્ડ સુધી ચાલવાનું થતું... ત્યારે આ બધું નજરે નિહાળવાનું થયેલું, રમુજી વાસુદેવભાઈ 'દેખાવખારોની જગ્યા' માટે કહેતા કે સરકારે પોતાના ખર્ચે - આપણી સાથે - આવી ચળવટ માટે એક જગ્યા આપવી જોઈએ. જેને જે વિરોધ કરવો હોય - સાચો, ખોટો, દેખાડાનો કે અસ્તિત્વ જાળવવા માટેનો - એ તો ત્યાં જ દેખાવો માટે બેસે!' લંડનમાં હાઈડ પાર્કની જગ્યા ૨૦૧૦ નાં મારા લંડન - પ્રવાસ દરમિયાન મેં જોઈ હતી. ત્યાં એક વયોવૃધ્ધ બ્રિટિશ મહિલા મળી. તેને પૂછ્યું તો કહે : ''હવે જનજાગૃતિના સ્વરૂપ જ બદલાઈ ગયાં છે... પછી અહીં કોણ આવે?''

તેની વાત સાચી છે. ધરણા, વિરોધ-સાંકળ, દેખાવો, જુલુસ... આ બધા હવે અ-પ્રસ્તુત માધ્યમો થઈ ગયા. નહેરૂપુલ પર માનવ - સાંકળ કરીને ઉભા રહેનારા પાંચ - પચ્ચીસ દેખાવકારોએ રોડ પર આવતી જતી વસ્તીના ચહેરા પર પ્રતિભાવ જોયા છે ખરાં? હવે દેખાવો માટે લાગતાવળગતાને કોન્ટ્રાક્ટ અપાય છે ને?... અને 'રસ્તા રોકો' ના આંદોલનકારો પોલીસ-બસમાં 'ધરપકડ' વહોરી લેતા જોયા છે? જોયા જ હશે! કારણ, અમે અખબારોવાળાઓ કે ટીવી કેમેરામેનો તેવી રમૂજ - કરૂણ મિશ્રિત ઘટનાઓને ઝીલીને તો 'સમાચાર' બનાવીએ છીએ!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પૃથ્વી પરની પ્રત્યેક વ્યક્તિ બિસ્નોઇ લોકો જેવી વિચારસરણી જીવનમાં ઉતારે અને પ્રકૃતિ રક્ષા માટે જીવ આપવા સુધીની તૈયારી બતાવે તો માનવ જાતના અસ્તિત્વ માટે કોઇ ભય ન રહે, નહીંતર માનવ જાતનો અંત નિશ્ચિત છે... અચોક્કસ સમય સુધી ફક્ત રાહ જ જોવાની રહી છે

## વન્યસૃષ્ટિ પરિચય

### યાદ કરીએ... ૩૬૩ પર્યાવરણ શહીદોને...

**- હેમંત સુથાર**

માતૃભૂમિ માટે, ગૌરક્ષા ખાતર, આઝાદી માટે, અન્યાય સામે લડત આપતાં શહીદ થયા હોય તેવા લડત આપતાં સાંભળ્યા હશે. પરંતુ વૃક્ષો બચાવવા માટે કોઈ શહીદ થયું હોય અને તે પણ એક... બે કે સો-બસો... નહીં પણ ૩૬૩ વ્યક્તિઓની ઘટના ઘણાં લોકોએ નહીં સાંભળી હોય.

હા, વર્ષ ૧૭૮૭ અને ૧૭૩૦ A.D. ના મંગળવાર, બારસ સુધી દસમનાં રોજ રાજસ્થાનના ખેજરાલી ગામે વૃક્ષો કપાતાં બચાવવા માટે વૃક્ષોને વળગીને વૃક્ષની સાથે જ ૩૬૩ લોકોએ શહીદી વ્હોરી. તે સમયના જોધપુરના રાજા અભયસિંહને નવો મહેલ બનાવવો હતો. તેમને તેમના માણસોને નજીકના જંગલોમાંથી ચુનો પકવવા માટે, બળતણ તરીકે ઉપયોગી ખીજડાના વૃક્ષોના લાકડા કાપી લાવવા માટે હુકમ કર્યો. જોધપુર નજીકના ખેજરાલી ગામે રાજાના સૈનિકો આવીને ગામ નજીકની જમીન પરના વૃક્ષો કાપવાની તૈયારી કરવા લાગ્યા. સ્થાનિક બિસ્નોઈ જાતિના લોકો તેમા પણ ખાસ કરીને સ્ત્રીઓએ રાજાના સૈનિકોના આ કૃત્યનો વિરોધ કર્યો. સૈનિકો ખાલી હાથે પરત ફર્યા. રાજાને હકીકતથી માહિતગાર કર્યા. રાજાએ કોઈ પણ ભોગે લાકડા લઈ આવવા હુકમ કર્યો.

ફરીથી વધુ સૈનિકો ખેજરાલી ગામે આવ્યા. વૃક્ષો કાપવાનું શરૂ કરતાં હતાં. તે જોઈને સહુ પ્રથમ અમૃતા દેવી નામની બિસ્નોઈ સ્ત્રી વૃક્ષને ભેટીને ઉભી રહી ગઈ અને જો વૃક્ષો કાપતા હોયતો અમને પણ સાથે સાથે કાપી કાઢો. તેવું કહીને સૈનિકોને વૃક્ષો ન કાપવા વિનંતી કરી. સૈનિકો તેમની વિનંતી ન માન્યા. કુહાડો ઉગામીને અમૃતા દેવીનું ગળું અને ખીજડાનું વૃક્ષ કાપી કાઢ્યું. તુરંત અમૃતા દેવીને ત્રણ જુવાનજોધ પુત્રીઓ પણ અન્ય વૃક્ષોને ભેટીને રક્ષણ આપવાનો પ્રયત્ન કરવા લાગી. સૈનિકોએ અમૃતાદેવીની ત્રણ પુત્રીઓને પણ કાપી કાઢી. ગ્રામજનો ને જાણ થઈ. એક પછી એક કુલ ૩૬૩ ગ્રામજનો આ આહુતિમાં હોમાઈ ગયા. ગામમાં, આસપાસના પ્રદેશમાં હાહાકાર મચી ગયો. રાજાને તેની ગંભીર ભૂલની જાણ થઈ. તેમને વૃક્ષો ન કાપવા માટે ફરમાન બહાર પાડ્યું.

આ ૩૬૩ શહીદો હતાં. બિસ્નોઈ સમાજના. બિસ્નોઈ સમાજ એટલે જેમની ગળથૂથીમાં પ્રકૃતિ રક્ષણના પાઠ ભણાવવામાં આવે છે તેવા લોકો જેમને રાજસ્થાનના નાગૌર ખાતે જન્મેલા જંબેસ્વરજી મહારાજ દ્વારા ૨૯ નિયમો અપાયા છે. તેનું જીવ આપીનેપણ પાલન કર્યું ૧૪૫૧ માં ગરીબ કુટુંબમાં જન્મેલાં જાંબોજી ૭ વર્ષ સુધી બોલી નહતાં શકતાં. બ્રહ્મચારી એવા આ સંતપુરૂશ ૨૭ વર્ષ સુધી ગાયો ચરાવતાં હતા. થાર રણનાં ઉજ્જડ પ્રદેશમાં લોકોમાં વ્યાપેલી ગરીબી તેમનાથી જોવાતી ન હતી. તેમના અનુભવ અને સમજદારીને આધારે તેમને કુલ ૨૯ નિયમો આપ્યા છે. ૨૦વત્તા૯અને અનેબીસ (૨૦) + નોઈ (૯) તરીકે ઓળખાય છે. આ નિયમોમાં દારૂ, તમાકું, ચાવું વ્યસન ન કરવા માટે, જળસંચય કરવા માટે ગામેગામ તલાવડીઓ બનાવવા માટે, શાકાહારી ભોજન કરવા માટેના અને અન્ય નિયમો અપાયા છે. જેમાં વૃક્ષો કદી કાપવા નહિ અને સુકાયા બાદ તેનો ઉપયોગ કરવા જણાવાયું છે. મરણ થાય ત્યારે મૃતદેહ લાકડાથી બાળવામાં આવે તો વૃક્ષો કાપવા ન પડે માટે બિસ્નોઈ જાતિમાં કોઈનું મૃત્યુ થાય ત્યારે મૃતદેહને દાટવાની પ્રથા અમલમાં મુકાયેલી છે.

વન્યજીવો પ્રત્યે પણ દયા દાખવીને વન્યજીવોનું રક્ષણ કરવા માટેનો ઉપદેશ અપાયેલો છે. આજે પણ જોધપુરની આસપાસના વિસ્તારોમાં કાળિયાર, ચિંકારા, મોર, કુંજ જેવા જુદા જુદા જીવો નિર્ભય પણે વૃધ્ધિ પામી રહ્યાં છે.



ભારતમાં ૬૦ લાખ જેટલી વસ્તી ધરાવતા બિસ્નોઈ લોકો રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ રાજયોમાં વસે છે. વર્ષ ૧૯૯૬માં વન્યજીવોના રક્ષણ ખાતર નિહાલચંદ્ર બિસ્નોઈએ પોતાનો જીવન આપીને શહીદી વહોરી હતી. ખુબ જ જાણીતા અભિનેતા સલમાન ખાન સામેનો જોધપુર પાસેના કાળિયારના શિકારનો કેસ પણ બિસ્નોઈ લોકો દ્વારા લડવામાં આવ્યો હતો. જેમાં સલમાન ખાનને નિર્દોષ કાળિયારના શિકાર સબ્બ પાંચ વર્ષની સજા ફરમાવવામાં આવેલી છે.

છેલ્લા પાંચસો વર્ષથી વધુ સમયથી બિસ્નોઈ લોકો વૃક્ષો અને વન્યજીવોનાં રક્ષણ ખાતર સદા તત્પર હોય છે. આ ભારતની આઝાદી માટેની સત્યાગ્રહની લડતમાં મહાત્મા ગાંધીજી દ્વારા જ પ્રેરણા લઈને બિસ્નોઈ લોકોની અહિંસક શહાદત આપવાની વિચારસરણીનો રસ્તો અપનાવામાં આવ્યો હતો.

(અનુસંધાન પાના નં. ૬ પર)


## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૨૨મી જુલાઇ

ભારતના ફિલ્મ ઉદ્યોગમાં મુકેશ નામે પ્રસિધ્ધ થયેલા પાર્શ્વગાયક શ્રી મુકેશચંદ્ર માથુરનો દિલ્હી ખાતે જન્મ થયો.

- ગુજરાતની સંત પ્રવૃત્તિ માટે દાનનો પ્રવાહ વહેવડાવનાર ચુનીલાલ આશારામ ભગત ઉર્ફે શ્રી મોટા એ સંકલ્પ કરી ૧૯૭૬માં રાત્રે ૧-૩૦ કલાકે દેહ ત્યાગ કર્યો.
- નવલકથાકાર ચંચી શાહ - ચંદ્રવદન ચુનીલાલ શાહનો સુરત ખાતે જન્મ ૧૯૦૫.
- સાહિત્યિક - કલાવિષયક પ્રતિભા, ડો. જેમ્સ હેન્રી કઝિન્સનો જન્મ ૨૨-૭-૧૮૭૩.
- ૧૯૭૬ - ભારત-પાકિસ્તાન વચ્ચે રેલ્વે સર્વિસ શરૂ થઇ,
- ગુજરાતી-હિન્દીમાં પુસ્તકોના સંપાદક, સિધ્ધાંતભૂષણ જૈન વિદ્યામણી દલસુખભાઇ માલવણિયાનો જન્મ ૨૨-૭-૧૯૧૦.
- ૧૭૧૯ મહાન



વૈજ્ઞાનિક માઇકલ જેમ્સ ફેરાડેનો જન્મ.

- ૧૯૪૭ ની ૨૨મી જુલાઇ - ત્રિરંગા ધ્વજમાં અશોક ચક્ર મુકી તેને ભારતના રાષ્ટ્રધ્વજ તરીકે બંધારણ સભાએ મંજૂર કર્યો. તેનો અમલ ચાલુ થયો.

# મૈત્રી કરારમાં સ્ત્રીને મળતા ભરણપોષણના લાભોની સમજૂતી

## વાત કાનૂન કાયદાની...

**- અશ્વિન વી. ત્રિવેદી**

ભારતીય બંધારણ મુજબ સ્ત્રીને સન્માનજનક સ્થાન આપવાનાં ઉમદા હેતુથી તેમજ સ્ત્રીનું માન-સન્માન જળવાય, શારીરિક, આર્થિક, માનસિક શોષણ ના થાય તે માટે દહેજધારો, ભરણપોષણનો ધારો, ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ વિગેરે જોગવાઇ છે. સ્ત્રીઓ જેના આધારે મુશ્કેલીના સમયમાં કાયદા દ્વારા રક્ષણ મેળવી શકે છે. ઉપપત્ની અગર તો રખાત ને પણ કાયદા દ્વારા રક્ષણ મળે તે માટે "લીવ ઇન રિલેશનશીપ" હેઠળ મૈત્રી કરારથી પુરૂષની સાથે રહી લગ્નજીવન હક્કો ભોગવતી હોય તો આવી સ્ત્રીઓ પુરૂષ સાથે હિન્દુ મેરેજ એક્ટ અગર તો અન્ય ધર્મના કાયદા કાનૂન પ્રમાણે લગ્ન ના કરેલા હોય તેમજ લગ્ન રજિસ્ટ્રર ના કરાવ્યા હોય તો પણ ભરણપોષણ મેળવવા હક્કદાર બને છે. 'લીવ ઈન રિલેશનશીપ'થી રહેનાર સ્ત્રી તેવા પુરૂષથી બાળક પેદા કરે તો આવા બાળકનું પણ ભરણપોષણ મેળવવા હક્કદાર બને છે. તેમજ બાળક પોતાના પોતાની, મિલ્કતમાં સહમાલિક, વારસાઇ હક્કથી આપોઆપ જ બની જાય છે. તેવા સુધારા સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કરી ગેરકાયદેસરના સંબંધોને કાયદા દ્વારા રક્ષણ પુરૂ પાડેલ છે. પરંતુ આવી રીતે સમાજવ્યવસ્થા ખોટવાઇ જવાનો સૌથી મોટો ખતરો છે. સમાજમાં આવી સ્ત્રીને કે તેના બાળકને માન, સન્માન જે રીતે મળવું જોઇએ તેવું મળતું નથી, આજે પણ લગ્નપ્રથાને જ કાયદેસર માનવામાં આવે છે.

લીવ ઇન રિલેશનશીપના કાયદા મુજબ બંને ઘણાં લાંબા સમયથી પતીપત્નીની જેમ સાથે રહેતા હોવા જોઇએ. બંનેની ઉંમર લગ્નલાયક હોવી જોઇએ એટલે કે પુખ્ત ઉંમરના હોવા જોઇએ. અન્ય કે એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે, લગ્ન કર્યા વગર સ્ત્રી પુરૂષે મૈત્રી કરારથી રહેવું અને પ્રી મેરીટલ સેકસ કોઇ અપરાધ નથી બનતો. કાનૂનમાં કયાંય પ્રિ-રિલેશનશીપ અને સેક્સ તેમજ વગર લગ્ને સાથે રહેવું એ ગુનો નથી બનતો.

માત્ર વીક એન્ડમાં કે અમુક દિવસોમાં સાથે રહેનાર સ્ત્રીને ભરણપોષણ મળી શકે નહીં. અદાલતે જણાવેલ કે માત્ર વીક એન્ડનો સાથ ઘરેલું સંબંધની વ્યાખ્યામાં આવતો નથી. કોર્ટે નક્કી કરેલ તમામ શરતોમાં પરિપૂર્ણ થાય ત્યારે જ આવી સ્ત્રી, ભરણપોષણ મેળવવા હક્કદાર બને છે.

ક્યારેક મજબૂરીથી કે આર્થિક તકલીફથી માર્ગ કાઢવા માટે સ્ત્રી લાગણીવશ થઇ સમાજના બંધનો બાજુએ મુકી લીવ ઈન રિલેશનના ઓથા હેઠળ પોતાનું ભવિષ્ય સુરક્ષિત કરવાની લાલચમાં "ના ઘરના કે ઘાટના" જેવો ઘાટ થાય છે. કોઇ પણ સંબંધ બાંધતા પહેલા તેના પરિણામનો વિચાર, ભવિષ્યનો વિચાર, કાયદેસરનો વિચાર સ્ત્રીને પ્રથમ કરવો જોઇએ. કાયદાના ગૂંચવાડાનો ટેકનીકલ લાભ લઇ પુરૂષ માત્ર સ્ત્રીને રમકડું સમજી જીવનમાંથી ફેંકી દે ત્યારે સ્ત્રીને જ સહન કરવાનું આપે છે. સિક્કાની બે બાજુની જેમ જ આવા પ્રકારના રિલેશનમાં જીવતા લોકોની હાલત ખૂબ જ ખરાબ થાય છે. એમના દ્વારા જન્મતા બાળકો 'અનોરસ' સંતાન તરીકે જીવવું પડે છે. પોતાના નામની પાછળ બાપનું નામ તો મળે છે. પરંતુ સમાજનો અધિકાર કાયદેસરતા સ્વીકારતા નથી. જો પુરૂષને અગાઉની પત્ની હોય તો તેના દ્વારા થયેલ સંતાનો દ્વારા મિલકતના ઝઘડા કોર્ટ સુધી પહોંચતા હોય છે અને વર્ષો સુધી કાયદાની આંટીઘૂંટીમાં દાવપેંચમાં અટવાયા ન્યાય મળવાની આશાએ જીવન પસાર કરી જીવનમાંથી સુખ, શાંતિ અને સલામતીની બાદબાકી કરતા હોય છે. માટે જ સ્ત્રી અને પુરૂષે આવા પ્રકારપના રિલેશન ને ઇન રિલેશન નહીં પરંતુ 'આઉટ' રિલેશનમાં માનવું જોઇએ. દિલ અને દિમાગથી વિચારી લાગણીને બાજુમાં મુકી ભવિષ્યનો વિચાર કરી સારાનરસા પાસાનો તુલનાત્મક અભ્યાસ કરી ત્યારબાદ જ કાયદેસરતા ચકાસી, યોગ્ય નિર્ણય લેવો જોઇએ.